सत्यमेव जयते

| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૨૩/૦૫/૨૦૨૪. | | |
| ફેસલ તારીખ | ૧૨/૦૬/૨૦૨૬. | | |
| અવધી | વર્ષ | માસ | દિવસ |
| | ૦૨ | ૦૦ | ૨૦ |

# જામનગરનાં સેશન્સ જજ સાહેબશ્રીની અદાલત સમક્ષ.

ફોજદારી રીવીઝન અરજી નં.૪૭/૨૦૨૪.

આંક-૧૪.

**સોલંકી નયનાબેન વિજયકુમાર,**
ઉ.વ. ૩૫, ધંધો : ઘરકામ,
રહે.બી-૩૭૩/૧૧, "શ્રાવસ્તી",
હાલાર હાઉસ પાછળ,
સ્વામિનારાયણનગર, જામનગર. :: અરજદાર.

**વિરુદ્ધ**

૧. **શ્રી સરકાર,**
થ્રુ : જીલ્લા સરકારી વકીલશ્રી,
જામનગર,

૨. **વિજય મોહન સોલંકી,**
ઉ.વ. ૩૪,

૩. **ચંદ્રપાલ પુજા જીતેન્દ્રભાઇ,**
ઉ.વ. ૨૫,
રહે.બંને સોનાપુરી પાસે,
લાકડાનાં વાડાની બાજુમા, નિવૃત્ત પોલસ જમાદાર,
એમ.ડી. ફફલનાં મકાનમા, જામનગર. :: સામાવાળાઓ.

બાબત : ક્રિ.પ્રો. કોડ કલમ-૩૯૭ મુજબ રીવીઝન અરજી.

અરજદાર તરફે વિ.વ. શ્રી એન.વી. ગોહીલ.
સામાવાળા નં.૧ તરફે વિ.એ.પી.પી. શ્રી ડી.આર. ત્રિવેદી.
સામાવાળા નં.૨, ૩ તરફે વિ.વ. શ્રી ડી.એસ. ત્રિવેદી.

## -:: ચુકાદો ::-

૧. અરજદારે વિ.૩જા એડિશ્નલ ચીફ જયુડિશિયલ મેજીસ્ટ્રેટ કોર્ટ, જામનગર (જેને હવે પછી વિ.ટ્રાયલ કોર્ટ તરીકે સંબોધવામા આવેલ છે) સમક્ષ ઇ.પી. કોડ કલમ-૪૦૬, ૪૨૦, ૪૯૪ સાથે વાંચતા કલમ-૧૧૪ મુજબની ખાનગી ફરીયાદ તા.૭/૯/૨૦૧૯ નાં રોજ દાખલ કરતા ફરીયાદીનું તા.૧૧/૯/૧૯ નાં રોજ નિવેદન લઇ ફરીયાદને ફોજદારી ઇન્કવાયરી નં.૪૩૬/૨૦૧૯ થી ફોજદારી ઇન્કવાયરી રજીસ્ટરે લઇ, ફરીયાદીને તા.૫/૧૦/૨૦૧૯ નાં રોજ પુરાવો રજુ કરવા માટે હાજર રહેવાનો હુકમ કરવામા આવ્યા બાદ ફરીયાદી ને પુરતી અને વ્યાજબી તકો પુરી પાડવા છતાં, ફરીયાદી હાજર રહેલા નહી હોવાનું કારણ દર્શાવી વિ.ટ્રાયલ કોર્ટે આંક-૧ નીચે સદર ફરીયાદ ક્રિ.પ્રો. કોડ કલમ-૨૦૩ અન્વયે તા.૨૪/૪/૨૦૨૪ નાં રોજ રદ કરવાનાં કરવામા આવેલ હુકમથી નારાજ થઇ હાલની રીવીઝન અરજી તેમા જણાવેલા કારણોસર દાખલ કરી, તેમા માગ્યા મુજબની દાદ મંજુર કરવા અરજ કરેલી છે.

૨. આ કામનાં સામાવાળાઓને નોટીસ કરવામા આવતા સામાવાળા નં.૧ તરફે વિ.એ.પી.પી. શ્રી ડી.આર. ત્રિવેદી અને સામાવાળા નં.ર અને ૩ તરફે વિ.વ. શ્રી ડી.એસ. ત્રિવેદી હાજર થયેલા છે. આ કામે અરજદાર તરફે દસ્તાવેજી પુરાવા લીસ્ટથી રજુ કરવામા આવેલા દસ્તાવેજો, રીવીઝન અરજી, વિ.ટ્રાયલ કોર્ટનો તકરારી હુકમ, રજુ પેપર્સ તથા વિ.ટ્રાયલ કોર્ટનું સમગ્ર અસલ રેકર્ડ વંચાણે લેવામા આવેલ છે.

3. અરજદાર તરફે તેમનાં વિ.વ.શ્રીએ મુખ્યત્વે દલીલ કરેલી છે કે, વિ.ટ્રાયલ કોર્ટ સમક્ષ અરજદારે તમામ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરી તા.૫/૧૦/૧૯ નાં રોજ કલોઝીંગ પુરશીષ આપેલી છે અને ત્યારબાદ ચાર વર્ષ સુધી પોલીસનો કોઇ રીપોર્ટ આવેલ નથી. અરજદાર તથા તેમનાં વિ.વ.શ્રી ચાર વર્ષ સુધી સતત વિ.ટ્રાયલ કોર્ટ સમક્ષ હાજર રહેલા છે અને તે અંગેનાં

પ્રોસીડીંગ્ઝ પણ કરવામા આવેલા છે. તેઓને તા.૨૫/૮/૨૦૨૩ નાં રોજનાં રીપોર્ટની કોઇ જાણ કરવામા આવેલ નથી અને તેઓને સાંભળ્યા વગર નિર્ણય લઇ લીધેલ છે, તે કાયદા વિરુદ્ધનો અને ભુલ કરેલો છે. પોલીસ તરફથી ચાર વર્ષ સુધી કોઇ રીપોર્ટ રજુ નહીં થતાં અરજદારે નામદાર ગુજરાત હાઇકોર્ટ સમક્ષ રીટ પીટીશન દાખલ કરેલી, જે પેન્ડિંગ હોવા છતાં, અરજદારને સાંભળ્યા વગર ગેરહાજરીનું ખોટુ કારણ જણાવી તકરારી હુકમ કરવામા આવેલ છે. તેથી, રીવીઝન અરજી મંજુર કરી, વિ.ટ્રાયલ કોર્ટ નો તકરારી હુકમ રદ કરવા અરજ કરવામા આવેલી છે.

**૪.** સામાવાળાઓ તરફે વિ.એ.પી.પી.શ્રી તથા સામાવાળા નં.૨, ૩ નાં વિ.વ. શ્રીએ મુખ્યત્વે દલીલ કરેલી છે કે, વિ.ટ્રાયલ કોર્ટનાં જે તકરારી હુકમને અરજદાર/મુળ ફરીયાદીએ પડકારેલ છે તે હુકમ યોગ્ય, ન્યાયી, વ્યાજબી અને કાયદાકીય જોગવાઇઓ અનુસાર કરવામા આવેલો છે. તેથી, આવા હુકમમા કોઇપણ જાતનો હસ્તક્ષેપ કરવો ન્યાયોચીત જણાઇ આવતુ નથી. તેથી, અરજદારની હાલની રીવીઝન અરજી રદ કરી, વિ.ટ્રાયલ કોર્ટ નો તકરારી હુકમ કાયમ કરવા અરજ કરવામા આવેલી છે.

**૫.** ઉપરોકત હકીકતે નીચેનાં મુદ્દાઓ ઉપસ્થિત થાય છે ::-

**૧.** શું અરજદાર સાબીત કરે છે કે, વિ.ટ્રાયલ કોર્ટ દ્વારા ફોજદારી ઇન્કવાયરી અરજી નં.૪૩૬/૨૦૧૯ નાં કામે આંક-૧ નીચે તા.૨૪/૪/૨૦૨૪ નાં રોજ કરવામા આવેલો હુકમ અયોગ્ય, ભુલ ભરેલો છે? અને તેમા કોઇ હસ્તક્ષેપ અને ફેરફાર કરવાપાત્ર છે?

**૨.** શું હુકમ?

**૬.** ઉપરોકત મુદ્દાઓનાં મારા નિર્ણયો નીચે મુજબ છે ::-

**૧.** નકારમા,

**૨.** આખરી હુકમ મુજબ.

૭. ઉપરોકત નિર્ણયોનાં મારા કારણો નીચે મુજબ છે.

-:: **કારણો** ::-

૮. **મુદા નં.૧** ::-

અરજી, વિ.ટ્રાયલ કોર્ટ સમક્ષ રજુ થયેલ મુળ ફરીયાદ, દસ્તાવેજો, નિવેદનો સાથે વિ.ટ્રાયલ કોર્ટનો તકરારી હુકમ અને સમગ્ર અસલ રેકર્ડ ધ્યાને લેતા મુળ ફરીયાદીએ વિ.ટ્રાયલ કોર્ટ સમક્ષ દાખલ કરેલી ફરીયાદમા મુખ્યત્વે એવા આક્ષેપો કરેલા કે, આરોપી નં.૧ તેઓનાં પતિ છે તેમને આરોપી નં.ર સાથે અનૈતિક સબંધો થતાં ફરીયાદીને પહેરેલ કપડે ઘરમાથી કાઢી મુકેલ અને આરોપી નં.૧ પોતે પણ ઘર છોડીને આરોપી નં.ર સાથે રહેવા માટે ચાલ્યા ગયેલા. આરોપી નં.૧ નાંએ ફરીયાદીને છુટાછેડા આપેલા નથી અને નં.ર કુવારા હોવા છતાં, બંને આરોપીઓએ લીવ એન્ડ રીલેશનશીપ નો એગ્રીમેન્ટ બનાવી, તેનો ગેરલાભ લઈ શારીરીક સબંધ બાંધી આરોપી નં.ર નાંએ જી.જી. હોસ્પિટલ, જામનગરમા તા.૧૯/૫/૨૦૧૯ નાં રોજ પુત્રિ યાત્રિને જન્મ આપેલ, તેનાં જન્મનાં દાખલામા આરોપી નં.૧ નું પિતા તરીકે અને માતા તરીકે આરોપી નં.ર નું નામ લખેલ છે. તા.૧-૨/૫/૨૦૧૯ નાં રોજ ફરીયાદીએ પોલીસમા ફરીયાદ કરેલી હોવા છતાં, કોઈ કાર્યવાહી થયેલી નથી. આમ, આરોપીઓએ ફરીયાદી સાથે વિશ્વાસઘાત અને છેતર પીંડી કરી, ગેરકાયદેસરરીતે શારીરીક સબંધ બાંધી દ્વિપત્નિ ધારા હેઠળ ગુન્હો કરેલ હોય, ઈ.પી. કોડ કલમ-૪૦૬, ૪૨૦, ૪૯૪ મુજબની ફરીયાદ દાખલ કરેલી હતી.

૯. વિ.ટ્રાયલ કોર્ટનાં તકરારી હુકમ સાથે વિ.ટ્રાયલ કોર્ટનું સમગ્ર અસલ રેકર્ડ વંચાણે લેતા ફરીયાદીએ હાલનાં કેસ અગાઉ અલગથી મહિલા પોલીસ સ્ટેશન, જામનગરમા ફર્સ્ટ ગુ.ર. નં.૧/૨૦૧૯ થી ફરીયાદ દાખલ કરેલી, તે અન્વયેનું ચાર્જશીટ દાખલ થયેલ છે અને તે હાલ પેન્ડિંગ તેવો તકરારી હુકમમા ઉલ્લેખ છે. સદર ફોજદારી કેસનું શું પરીણામ આવ્યુ કે તે કયા

સ્ટેજે ચાલે છે અને તેનાં નંબર શું છે વિગેરે મતલબની કોઇ જ વિગતો અરજદાર/મુળ ફરીયાદી તરફે રેકર્ડ ઉપર આવેલ નથી.

**૧૦.** વિ.ટ્રાયલ કોર્ટ સમક્ષ આંક-૬ થી રજુ થયેલ પોલીસ સબ ઈન્સપેકટર, મહિલા પોલીસ સ્ટેશન, જામનગરનાં રીપોર્ટ મુજબ પ્રાથમિક તબકકે આરોપીઓએ લગ્ન કરેલા હોવાનું જણાતુ નથી. ફરીયાદીએ પણ આરોપી ઓએ લગ્ન કરેલા હોવાનો કોઇ આક્ષેપ કરેલો નથી અને આરોપીઓએ લીવ ઇન રીલેશનશીપમા રહી, તેનો દુરુપયોગ કરી અને શારીરીક સબંધ બાધેલ છે અને તેનાથી પુત્રિને જન્મ આપેલ છે તેવા આક્ષેપો કરેલા છે.

ઉલ્લેખનીય છે કે, ઇ.પી. કોડ કલમ-૪૦૬ તથા ૪૨૦ તે મિલકતને લગત ગુન્હા છે તે અંગે કોઇ હકીકતનો ફરીયાદમા ઉલ્લેખ નથી.

ઉલ્લેખનીય છે કે, વિ.ટ્રાયલ કોર્ટ સમક્ષ જે લીવ ઇન રીલેશનશીપ નો કરાર રજુ થયેલ છે તે નોટરી રૂબરૂ નોંધાવવામા આવેલ છે અને તથા પુત્રિ ચાત્રિનાં જન્મનું પ્રમાણપત્ર પણ રજુ કરવામા આવેલ છે. સદર દસ્તાવેજોને આંક પણ આપવામા આવેલા નથી અને ફરીયાદીને પુરતી અને વ્યાજબી તકો પુરી પાડવા છતાં, ફરીયાદી તરફે સદર દસ્તાવેજોને તથા પોતાની ફરીયાદમા કરવામા આવેલા આક્ષેપોને સમર્થનકારક કોઇ પણ પ્રકારનો પુરાવો રજુ થતો નથી. ઉલ્લેખનીય છે કે, ૨૦૧૯ મા ફરીયાદ દાખલ કર્યા બાદ, નામદાર કોર્ટે તેમને લેખીત તથા મૌખીક પુરાવા રજુ કરવા જાણ કરેલ. પરંતુ ફરીયાદી તરફે કોઇ પુરાવો રજુ કરવામા આવેલ નથી અને ત્યારબાદ ઘણી તક આપ્યા બાદ તા.૨૪/૪/૨૦૨૪ નાં રોજ ફરીયાદ રદ કરવામા આવેલ છે. આવા સંજોગોમા વિ.ટ્રાયલ કોર્ટ તરફથી જે તકરારી હુકમ કરવામા આવેલો છે તે આરોપીઓ વિરુદ્ધ જે આક્ષેપો કરવામા આવેલા છે તેને સમર્થનકારકનો પુરાવો પ્રથમ દર્શનિયરીતે રેકર્ડ ઉપર આવતો નહીં હોવાનાં કારણે કરવામા આવેલ હોવાનું જણાય છે.

તેથી, વિ.ટ્રાયલ કોર્ટનાં તકરારી હુકમમા કોઇપણ પ્રકાર નો હસ્તક્ષેપ કરવો ન્યાયોચીત જણાતુ નથી.

**૧૧.** એટલું જ નહીં પરંતુ, ફરીયાદી દ્વારા કરવામા આવેલા આક્ષેપો પણ મોઘમ રીતે કરવામા આવેલા હોવાનું જણાય છે. તેથી પણ વિ.ટ્રાયલ કોર્ટનો તકરારી હુકમ ખરો, કાયદેસરનો અને કાયદાનાં પ્રસ્થાપિત સિદ્ધાંતો મુજબ નોજ હોવાનું જણાય છે.

**૧૨.** આમ, ફરીયાદીએ પોતાની ફરીયાદમા આરોપીઓ વિરુદ્ધ કરેલા આક્ષેપો મોઘમ સ્વરુપનાં છે અને ફરીયાદમા કરવામા આવેલા આક્ષેપોને પ્રથમ દર્શનીયરીતે કોઇ સમર્થન મળતુ નથી. તેથી, વિ.ટ્રાયલ કોર્ટે ક્રિ.પ્રો. કોડ કલમ-૨૦૩ અન્વયે ફરીયાદ રદ કરવાનો જે હુકમ કરેલો છે તે યોગ્ય, વ્યાજબી અને ન્યાયી છે અને તકરારી હુકમમા આપેલા તારણો અને કારણો ભુલ ભરેલા અને કાયદાનાં પ્રસ્થાપિત સિદ્ધાંતો વિરુદ્ધનાં હોવાનું જણાઇ આવતુ નથી. તેથી, વિ.ટ્રાયલ કોર્ટનાં તકરારી હુકમમા ઉપરોકત હકીકતે કોઇપણ પ્રકારનો હસ્તક્ષેપ કરવો ન્યાયોચીત જણાઇ આવતુ ન હોય, મુદ્દા નં.૧ નો નિર્ણય નકારમા આપવામા આવેલ છે અને ન્યાયનાં હીતમા નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

**-:: <u>હુકમ</u> ::-**

**૧.** અરજદારની રીવીઝન અરજી નામંજુર (રદ) કરવામા આવે છે અને વિ.ટ્રાયલ કોર્ટનો તકરારી હુકમ કાયમ કરવામા આવે છે.

**૨.** વિ.ટ્રાયલ કોર્ટનું સમગ્ર અસલ રેકર્ડ આ હુકમની એક નકલ સાથે તેઓને મોકલી આપવુ.

આ ચુકાદો આજરોજ તા.૧૨મી જુન, ૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમા વાંચી, સંભળાવી જાહેર કર્યો.

જામનગર.
તા.૧૨/૬/૨૦૨૬.
વી.વી. જોટાણીયા.

Digitally signed by
NEHAL RAJESHBHAI JOSHI
on 12/06/2026 16:47:56 IST.

**(નેહલકુમાર રાજેશભાઇ જોષી)**
સેશન્સ જજ
કોડ નં.જીજે ૦૧૩૧૮, જામનગર